**DATE: 11/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

## પોલીસે 66 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

# સજોદ ગામના બસ સ્ટેન્ડ પાસે જુગાર રમતા બે ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાના સજોદ ગામેથી ભરૂચ એલસીબી પોલીસે આંકડાનો જુગાર રમતા બે ઈસમ ને ઝડપી પાડી રોકડ રકમ ,મોબાઈલ અને બે બાઈક મળી કુલ રૂપિયા 66 હજારનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ એલસીબી પોલીસની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન સજોદ ગામના બસ સ્ટેન્ડ પાસે આંકડા નો જુગાર રમાય રહ્યો હોવાની મળેલી માહિતી ના આધારે રેડ કરતા આંકડા નો જુગાર રમતા સતીશ સંતોષ વસાવા અને મેહુલ સોમા વસાવા ને ઝડપી પાડયા હતા.

પોલીસે સ્થળ પરથી રોકડા રૂપિયા 1680, બે નંગ મોબાઈલ કિંમત રૂપિયા 10 હજાર, 30 હજારની એક્ટિવા અને 25 હજારની બાઈક મળી કુલ રૂપિયા 66 હજારનો મુદ્દામાલ કબ્જે કરી અંકલેશ્વર રૂરલ પોલીસના હવાલે કર્યા હતાં.

**DATE: 11/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### એસ.ઓ.જી પોલીસે 9.60 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો, જીપીસીબીની પણ તપાસ શરૂ

# પાનોલીની ખરોડ ચોકડી પાસે શંકાસ્પદ કેમિકલ વેસ્ટ બેગ ભરેલી ટ્રક ઝડપાઈ

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર -પાનોલીના ઉદ્યોગોએ હવે પોતાના વેસ્ટ કેમિકલનો નિકાલ પર્યાવરણના જતન સાથે નિયત કરેલ સાઈટ પર નિકાલ કરવાના બદલે પર્યાવરણને નુકસાન થાય એ રીતે કરી રહી છે.

ભરૂચ એસઓજી પી.આઈ. આનંદ ચૌધરીના માર્ગદર્શન હેઠળ ટીમ અંકલેશ્વરમાં પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે ખરોડ ચોકડી નજીક આવેલ ચાચા હોટલ પાસે શંકાસ્પદ કેમિકલ વેસ્ટ ભરેલી ટ્રક ઉભી છે. જે આધારે ટીમ સ્થળ પર સર્ચ કરતા માહિતી આધારિત ટ્રક મળી આવી હતી. પોલીસે ટ્રક ચાલક નાગેન્દ્ર લખીચંદ યાદવની ટ્રક માં શું ભર્યું છે તે અંગે પૂછપરછ કરતા તે ગલ્લા-તલ્લા કરવા લાગ્યો હતો. જે આધારે એસ.ઓ.જી પોલીસે ટ્રકમાં સર્ચ કરતા અંદર પ્લાસ્ટિક બેગ માં પ્રવાહી જથ્થો મળી આવ્યો હતો. જે રસાયણ શું છે તે જાણવા જીપીસીબીને જાણ કરતા ટીમ સ્થળ પર દોડી આવી હતી. અને પ્રાથમિક આ કેમિકલ વેસ્ટ પ્રવાહી હોવાનું સામે આવ્યું હતું. જે જથ્થો ક્યાંથી ભર્યો અને ક્યાં લઇ જવામાં આવી રહ્યો હતો તે અંગે જરૂરી તપાસ કરી કેમિકલ વેસ્ટ સહિત કુલ 9.60 લાખનો મુદ્દામાલ જપ્ત ક્યોં હતો.



DATE: 11/09/2023 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE-08

# ઝઘડિયા પોલીસે રાજપારડીના પ્રોહિબીશનના વોન્ટેડ આરોપીને ઝડપી પાડ્યો

ઝઘડિયા: ઝઘડિયા પોલીસે રાજપારડી પોલીસ મથકના પ્રોહિબિશન ગુના હેઠળના વધુ એક આરોપીને ઝડપી પાડ્યો છે. ભરૂચ લોકલ ક્રાઇમ બ્રાન્ચની ટીમે થોડા દિવસ અગાઉ રાજપારડી ગામે રેડ પાડી બ્રાન્ડેડ દારૂનો માતબર જથ્થો ઝડપી એક શખ્સની અટકાયત કરી હતી. આની ફરીયાદ એલસીબીએ રાજપારડી પોલીસમાં ફરિયાદ લખાવી હતી. આ કામની તપાસ જિલ્લા પોલીસ વડાએ ઝઘડિયા પી.આઇ. ભરવાડને સોંપી હતી. જેની તપાસમાં આ ગુનામાં અન્ય એક ઇસમ શનાભાઇનું નામ પણ બહાર આવતા ઝઘડિયા પોલીસે આરોપી શનાભાઇ ભાવસિંગભાઇ વસાવા (રહે.ગામ રાયસીંગપુરા તા.ઝઘડિયાના)ને ઝડપી સદર ઇસમને હસ્તગત કરાયાની જાણ રાજપારડી પોલીસમાં કરવામાં આવી છે.

DATE: 12/09/2023 CATEGORY: GREEN
E-PAPER DIVYABHASKAR PAGE-04

### પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમે ધરપકડ કરી

# ઝઘડિયાના દારૂના કેસમાં વોન્ટેડ આરોપી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ભરૂચ જિલ્લામાં ઉચ્ચ અધિકારીઓ તરફથી જિલ્લામાં નાસતા ફરતા અને વોન્ટેડ આરોપીઓને ઝડપી લેવા જિલ્લાના પોલીસ વિભાગને સુચનાઓ આપવામાં આવેલ અને તેના અનુસંધાને પેરોલ ફર્લો જમ્પ ફરારી તથા નાસતા ફરતા આરાપીઓને પકડવા માટે સ્પેશિયલ ડ્રાઈવ રાખી હતી.

તે અંતર્ગત ભરુચ પેરોલ ફર્લો સ્કોડની ટીમના માણસો જિલ્લામાં વિવિધ ગુનાઓમાં નાસતા ફરતા તથા વોન્ટેડ આરોપીઓને ઝડપી લેવા ઝઘડિયા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા, તે દરમિયાન મળેલ બાતમીના આધારે ઝઘડિયા પોલીસ મથકમાં નંધાયેલ પ્રોહિબિશનના ગુનામાં પોલીસ પકડથી દુર રહી નાસતા ફરતા આરોપી જ્યેશભાઈ બાલુભાઈ વસાવા રહે.ગામ નાનાસાંજા, પંચાયત ફળીયું,તા.ઝઘડિયા, જિ.ભરૂચનાને ગતરોજ તા.10 મીના રોજ નાનાસાંજા ગામેથી ઝડપી લીધો હતો. ત્યારબાદ આ ઝડપાયેલ ઈસમને આગળની કાર્યવાહી માટે ઝઘડિયા પોલીસને સોંપ્યો હતો.

**DATE: 12/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# અંકલેશ્વરમાંથી વડોદરાનો રીઢો તસ્કર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાના ભડકોદ્રા ગામની રીગલ રેસિડેન્સી ખાતે થી બાઇકની ચોરી થઇ જવા પામી હતી. માલિક અબ્દુલ મોઇદખાન દ્વારા જીઆઇડીસી પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે તપાસ શરુ કરી હતી. ઘટના અંગે વધુ તપાસ શરુ કરતા પી.એસ. આઈ એ.વી. શિયાળીયા તપાસ શરુ કરતા વડોદરાના રીઢા બાઈક ચોર ગુરુચરણસિંગ સીકલીગરને ચોક્કસ માહિતી આધારે ચોરીની બાઈક સાથે ઝડપી પાડ્યો હતો.

**DATE: 12/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### પોલીસે 3 લાખનો મુદ્દામાલ જપ્ત કરી તપાસ શરૂ કરી

# નંદેલાવથી ભંગાર ભરી અંકલેશ્વર જતો ટેમ્પો મુલદ પાસેથી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર પોલીસે માંડવાપ્લાઝા પાસે ભરૂચથી અંકલેશ્વર આવતા શંકાસ્પદ ભંગારનો જથ્થો ભરેલો ટેમ્પો ઝડપી પાડયો છે.

અંદાજે 1 લાખના ભંગાર નો જથ્થો તેમજ 2 લાખ નો ટેમ્પો મળી 3 લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

બી ડિવિઝન પોલીસની ટીમનેશનલ હાઈવે નંબર 48 પર પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન માહિતી મળી હતી કે ભરૂચના નંદેલાવ ખાતેથી એક આઈસર ટેમ્પામાં ભંગાર નો જથ્થો આઈસર ટેમ્પામાં બિલ્ટી કે આધારપુરાવા વગર આવી રહ્યો છે. જે માહિતી આધારે માંડવા ટોલ પ્લાઝા પાસે વોચ ગોઠવી હતી જ્યાં ટેમ્પો આવતા રોકી તેને સાઈડમાં ઉભી રાખી ટેમ્પો ચાલક રાજેશ પંડયા(રહે ચૌટા નાકા ફાંસી ફળીયા) ના પાસે જરૂરી ભંગાર ના બિલ તેમજ આધાર પુરાવા માંગતા તે ગલ્લા-તલ્લા કરવા લાગ્યો હતો.

ભંગારનો જથ્થો ચોરીનો હોવાની આશંકાએ ટેમ્પામાં ભરવામાં આવેલો 31 કિલો ઉપરાંતનો ભંગાર નો જથ્થો કિંમત રૂપિયા 1.08 લાખ તેમજ 2 લાખ નો ટેમ્પો મળી રૂપિયા 3.08 લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કરી ચાલકની અટક કરી આગળની વધુ પૂછપરછ આરંભી હતી.

**DATE: 12/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

## યુવાન પ્રેમ સંબંધ રાખવા પરેશાન કરતો

# યુવતીની પજવણી કરનારને પકડીને પોલીસમાં સોંપાયો

ભાસ્કરન્યૂઝ।ભરૂચ

ભરૂચ જિલ્લાના વાલિયા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેથી એક યુવતીને ગામ નો યુવાન વારંવાર હેરાન કરતાં યુવતીએ અભયમ ભરૂચ ની મદદ માંગી હતી.

અભયમની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ત્યારે યુવતીએ જણાવ્યુ કે ગામનો યુવાન યુવતી ખેતરમાં કાતો કોઈ પણ જગ્યા પર કામ કરવા જાય અને ઘરની જરૂરિયાત વસ્તુઓ લેવા માટે બહાર જાય એવા સમયે ગામનો યુવાન યુવતીનો પીછો કરે અને પ્રેમ સંબંધ રાખવા માટે એમને વારંવાર હેરાન કરે છે.યુવતીના પરિવારજનો એ યુવાનને સમજાવવાની કોશિશ કરી એ સમયે યુવાને યુવતીના પરિવાર પર વ્યસન કરીને હાથ ઉપાડ્યો અને અપશબ્દો બોલ્યા. ત્યારબાદ અભયમની ટીમ યુવતીની મદદથી ગામના યુવાનને બોલાવી સમજાવ્યો અને કાયદાકીય કાર્યવાહીનો માર્ગદર્શન આપ્યું યુવાને ખૂબ વ્યસન કર્યું હોવાથી અભયમ ટીમનું કોઈ પણ વાત સમજવા તૈયાર ન થતાં આખરે તેને વાલિયા પોલીસ સ્ટેશનને સોંપવ્યો હતો .

**DATE: 13/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

## પોલીસે ખેપિયા પાસેથી 14 બોટલો જપ્ત કરી

# છાપરા ગામેથી વિદેશી દારૂ સાથે એક શખ્સની ધરપકડ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબી પોલીસે છાપરા ગામ ઈંગ્લીશ દારૂ સાથે સામે ઝડપી પાડ્યો હતો. પોલીસે 14 બોટલ ઈંગ્લીશ દારૂ મળી 1400 રૂપિયા મુદ્દામાલ જપ્ત કરી ઈસમની ધરપકડ કરી હતી.

ભરૂચ એલસીબી પોલીસની ટીમ અંકલેશ્વર શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે છાપરા ગામ ની નવી વસાહત ખાતે રહેતા ભરત વસાવા પોતાના ઘરે થી ઈંગ્લીશ દારૂ નો વેપલો ચલાવી રહ્યો છે. જે આધારે પોલીસે દરોડા પાડતા ઘર માંથી ઈંગ્લીશ દારૂની 14 બોટલ મળી આવી હતી. પોલીસે કુલ 1400 રૂપિયા નો દારૂ નો જથ્થો જપ્ત કરી ભરત નાનું વસાવા ની ધરપકડ કરી અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

**DATE: 13/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

# છ મહિનાથી વોન્ટેડ આરોપી આખરે ઝડપાયો

**અંકલેશ્વર ।** અંકલેશ્વર વિસ્તારમાં LCB ની પેટ્રોલીંગમાં હતી.તે સમયે માહીતી મળી હતી કે,અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસ મથકમાં પકડાયેલા પ્રોહીબિશનના ગુનામાં અશોક ઉર્ફે સસલી મોતી વસાવા છેલ્લા 6 મહિનાથી પોલીસ પકડથી નાસતો ફરી રહ્યો છે.તે હાલમાં અંકલેશ્વરમાં આવેલા તેના નિવાસ સ્થાન પીઠા ફળિયામાં આવેલો છે.જેથી ટીમે આરોપી અશોક ઉર્ફે સસલી વસાવાની ધરપકડ કરીને વધું તપાસ અર્થે અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસ મથકમાં સોંપ્યો હતો.

**DATE: 14/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

# સુરતી ભાગોળ પાસે જુગાર રમાડતી મહિલા ઝડપાઈ

અંકલેશ્વર તા.૧૩

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસે સુરતી ભાગોળ પાસે વાવની પાછળથી જુગાર રમાડતી મહિલાને ઝડપી પાડી હતી. અંકલેશ્વર શહેર એ ડિવિઝન મથકનો સ્ટાફ પેટ્રોલિંગમા હતો તે દરમિયાન બાતમી મળી હતી કે અંકલેશ્વરના તાડ ફળિયામાં રહેતી જ્યોતિ રાજુ વસાવા સુરતી ભાગોળ પાસે વાવની પાછળ રહેણાંક મકાનોની વચ્ચે ખુલ્લામાં જુગાર રમાડે છે.જેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા.પોલીસે રોકડા મળી કુલ ૨ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને જુગારી જ્યોતિ વસાવાને ઝડપી પાડી હતી.

**DATE: 14/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### દિયરે બ્લેકમેઈલ કરતાં આપઘાત કર્યો હતો

# ભાભી પાસે અભદ્ર માંગણી કરનાર દિયર આખરે ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર હાંસોટ રોડ પર આવેલ સાંઈ સુમન રેસિડેન્સી ખાતે રહેતા મૂળ બિહારના કિશુન ઉમાકાંત મંડલ ની પત્ની મુદ્રિકા કુમારી એ ગત રોજ ઘરે ગળે ફાંસો લગાવી આપઘાત કરી લીધો હતો.

જેમાં તેના સાસુ સસરા તેને દહેજ માટે હેરાન કરતાં હોવા સાથે દિયર કનૈયા ઉર્ફે ભોલા મંડલ એ પોતાની ભાભી ના અભદ્ર ફોટો એન કેન પ્રકારે પાડી બ્લેકમેલિંગ કરતો હોવાનું તપાસમાં ઘટસ્ફોટ થયો હતો. પોલીસે સાસુ સુનિતા દેવી અને સસરા ઉમાકાંત મંડલ ની ધરપકડ કરી હતી. દિયર ફરાર કૈનયા ઉર્ફે ભોલા મંડલ ની ધરપકડ માટે ટીમ બિહાર ખાતે રવાના કરી હતી. દરમિયાનમાં પોલીસે તેને બિહારથી ઝડપી પાડ્યો હતો.

**DATE: 14/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### બે મહિનાથી પોલીસને ચકમો આપતો હતો

# પાનોલીના કેમિકલ વેસ્ટ કેસમાં વચેટિયો ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

પાનોલી નજીક પરિવાર હોટલ કમ્પાઉન્ડ માંથી ઝડપાયેલ કેમિકલ વેસ્ટ પ્રકરણ માં વચેટિયો 2 મહિને ઝડપાયો હતો. કાપોદ્રા ની સીમ માં હાઈવે ને અડી ને આવેલ પરિવાર હોટલ કમ્પાઉન્ડ માંથી અત્યંત પ્રદુષિત કેમિકલ વેસ્ટ પ્રવાહી ભરેલ ટેન્કર ને એલસીબી પોલીસે ઝડપી પાડ્યું હતું.

પોલીસે જે તે વખતે ટેન્કર ચાલક ચંદ્રપ્રકાશ સિંહ વિજયસિંહ ચૌહાણ ની પૂછપરછ માં પોલીસ સમક્ષ વચેટિયાની ભૂમિકા માં પ્રદીપ નંદલાલ સજોર . રે પાલોડ રાજસ્થાન ની સામે આવી હતી. જેના પગલે વચેટિયા પ્રદીપ નંદલાલ સજોર ને ચોક્કસ માહિતી આધારે અંતે રૂરલ પોલીસની ટીમે અંકલેશ્વર ખાતે થી ઝડપી પાડ્યો હતો. અને તેની વધુ પૂછપરછ માટે રિમાન્ડ મેળવવાની તજવીજ શરુ કરી હતી.

**DATE: 14/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### એલસીબીએ 25 હજારનો મુદ્દામાલ જપ્ત કરી ગુનો નોંધ્યો

# ભરૂચના વેસદરા ગામેથી દેશી પિસ્ટલ સાથે પરપ્રાંતિય ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકામાં આવેલાં વેસદડા ગામે એક શખ્સ પિસ્ટલ લઈને ફરતો હોવાની ચોક્કસ બાતમીના આધારે લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ગામમાં રેડ પાડી એક રાજસ્થાની યુવાનને ઝડપી પાડ્યો હતો. ટીમે તેની પાસેથી એક પિસ્ટલ તેમજ મોબાઈલ સહિત 25 હજારનો મુદ્દામાલ જપ્ત કરી ભરૂચ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ભરૂચ એલસીબીના કોન્સ્ટેબલ કુંદનભાઈને ચોક્કસ બાતમી મળી હતી કે, વેસદડા ગામે આહિર ફળિયામાં રહેતાં મુકેશ મારવાડી પાસે અગ્નિશસ્ત્ર છે. જેના પગલે તેમણે પીઆઈ ઉત્સવ બારોટને ઘટનાની જાણ કરતાં તેમના માર્ગદર્શન હેઠળ ગમમાં દરોડો પાડ્યો હતો. ટીમે આહિર ફળિયામાંથી જ મુકેશ ગેવરસિંગ રાવત ઉર્ફે મુકેશ મારવાડીને ઝડપી પાડી તેની તલાશી લેતાં તેના પેન્ટમાં કમરના ભાગે પાછળ ખોસેલી પિસ્ટલ મળી આવી હતી. ટીમે તેની પુછપરછ કરતાં તેણે કબુલ્યું હતું કે, તે ભરૂચથી દહેજ જવાના રોડ પર કેશરોલ ગામ પાસેના પેટ્રોલપંપ પર કામ કરતો હતો. તે વેળાં રાજસ્થાનનો શેરૂ નામનો શખ્સ તેમજ અન્ય એક વ્યક્તિ તેમના પમ્પ પર ડિઝલ ભરાવવા આવતાં હતાં. તેની સાથે ઓળખાણ થયા બાદ તેની પાસે પિસ્ટલ હોવાનું માલુમ પડતાં ચારેક મહિના પહેલાં તેની પેથી 20 હજારમાં તેણે પિસ્ટલ ખરીદ હતી. ટીમે તેની પાસેથી પિસ્ટલ તેમજ એક મોબાઈલ મળી 25 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. બનાવ સંદર્ભે ભરૂચ તાલુકા પોલીસે ગુનો નોંધ્યો છે.

**DATE: 15/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### રૂા.૧૨.૭૦ લાખના મુદ્દામાલ સાથે ત્રણની અટક

# સરકારી અનાજને બારોબાર વેચી દેવાના કૌભાંડનો પર્દાફાશ

## અનાજ મકતમપુરની સસ્તા અનાજની દુકાનમાંથી ભર્યુ હતું

(ભરૂચ)

બીપીએલ અને એપીએલ રાશન કાર્ડના લાભાર્થીઓને સસ્તા ભાવે અનાજ મળી રહે તે માટે અનાજનો જથ્થો વિતરણ કરવા માટે સરકાર માન્ય સસ્તા સસ્તા અનાજની દુકાનમાં આવતુ સરકારી અનાજ લાભાર્થીઓને અનાજ ઓછુ આપી સરકારી ભાવ કરતા ઉંચા ભાવે અન્ય વેપારીઓને અનાજ વેચી દેવાનું કૌભાંડ ચાલતુ હોવાની હકિકત પોલીસના ધ્યાનમાં આવી હતી.

આ અંગે વધુ વિગતે જોતા પીઆઈ એ.એ.ચૌધરીએ પોસઈ આર.એલ.ખટાણાની ટીમને કાર્યરત કરતા બાતમી આધારે એક આયસર ટેમ્પોમાંથી ૧૫૦ થેલી ચોખા અને બીજી ૧૫૦ થેલીમાં ઘઉં મળી કુલ ૩૦૦ થેલી અનાજ સાથે બે ઈસમોને પકડી પાડ્યા હતા. પકડાયેલ બે ઈસમોએ આ જથ્થો ભાવેશ મિસ્ત્રી રહે.મકતમપુરમાં આવેલ સરકારી સસ્તા અનાજની દુકાનમાંથી ભરી આવેલ હોવાનું જણાવતા ત્યાં તપાસ કરતા ભાવેશ મિસ્ત્રીએ સરકારી અનાજ અન્ય થેલીમાં ભરીને આઈશરમાં ભરી આપેલ હોવાનું અને રસ્તામાં કોઈ રોકે તો શંકાસ્પદ જીએસટી નંબરવાળુ બીલ આપેલ હોવાનું જાણવા મળતાઆ મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો અને સાથે આ ત્રણેય ઈસમોની અટક કવામાં આવેલ છે. તપાસ દરમ્યાન જીએસટી વિભાગ દ્વારા જીએસટી નંબર અને બીલની ખરાઈ કરાવતા ખોટુ બીલ બનાવેલ હોવાનું જણાવેલ અને મામલતદારને સ્થળ તપાસણી કરી સ્ટોક વેરીફાય કરી આપી વિરાજસિંહ પઢીયારના નામે કોઈ દુકાનમાં ફાળવેલ અનાજ કરતા જથ્થો ઓછો મળતા સરકારી અનાજ વેચેલ હોવાનું સ્પષ્ટ થતા આ મુદ્દામાલ અંગે ભરૂચ સી. ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવેલ છે અને આગળની તપાસ પીઆઈ ભરૂચ શહેર સી.ડીવીઝન ચલાવી રહ્યા છે.

### પકડાયેલા તથા વોન્ટેડ ઈસમો

- ભાવેશકુમાર મહેશભાઈ મિસ્ત્રી,રહે.અયોધ્યાનગર, ભરૂચ (અનાજ વેચનાર)
- હર્ષીલ કમલેશભાઈ શાહ, રહે.બજાર ફળીયુ, મોભાગામ, તા. પાદરા (અનાજ ખરીદનાર)
- વિક્રમસિંહ રાયસિંહ સોલંકી, રહે.દરબાર ફળીયુ,સીહાદ્રા ગામ, જી.છોટાઉદેપુર
- વિરાજસિંહ રામસિંહ પઢિયાર, રહે.મકતમપુર, ભરૂચ (સરકારી સસ્તા અનાજની દુકાનના સંચાલક)(વોન્ટેડ)

**DATE: 15/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

લોકદરબાર | એસપીની અધ્યક્ષતામાં લોક દરબાર, ગામોના આગેવાનો, ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યાં

# ઉદ્યોગોને કામદારોની નોંધણી કરવા તાકીદ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસી ખાતે જિલ્લા પોલીસવડા દ્વારા લોકદરબાર યોજી પ્રજાના વિકટ પ્રશ્નો અંગે મુક્ત ચર્ચા કરી કરાઈ હતી. શ્રી સરદાર પટેલ સેવા મંડળ ટ્રસ્ટ ના હોલમાં લોક દરબાર જીઆઈડીસી પોલીસ મથક ના વિવિધ ગામના આગેવાનો ઉદ્યોગકારો અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ઉદ્યોગ મંડળ જોડે બેઠક યોજી કોસમડી ગામ ની વિશેષ મુલાકાત લીધી

ભરૂચ જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા દ્વારા અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથક વિસ્તારમાં વાર્ષિક ચાર્ટર્ડ અંતર્ગત લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. જીઆઈડીસી ખાતે આવેલ શ્રી સરદાર પટેલ સેવા મંડળ ટ્રસ્ટ હોલ ખાતે લોકદરબાર માં લોકો ના પ્રશ્નો અને તેના નિરાકરણ માટે પ્રયત્ન કર્યા હતા. જેમાં મુખ્યત્વે બાળ ગુનાખોરી. તેમજ ટ્રાફિક ને લગતા પ્રશ્નો લોકો દ્વારા રજુ કરવામાં આવ્યા હતા. જે પ્રશ્નો અંગે ડી.વાય.એસ. પી. ચિરાગ દેસાઈ તેમજ પી.આઈ. બી.એન સગર જરૂરી નિરાકરણ લાવવા માટે તાકીદ કરી હતી.

આ ઉપરાંત જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા દ્વારા અંકલેશ્વર ઉદ્યોગ મંડળ સાથે પણ બેઠક યોજવામાં આવી હતી. જ્યાં તેઓ ઉદ્યોગલક્ષી પ્રશ્નો અંગે ચર્ચા કરી હતી. તેમજ ઉદ્યોગકારો ને ખાસ લેબર રજીસ્ટ્રેશન અંગે જરૂરી તાકીદ કરી હતી તેમજ ઉદ્યોગ લક્ષી વિવિધ સમસ્યા અંગે જરૂરી ચર્ચા વિમર્શ કરી હતી., જી.આઈ.ડી .સી પોલીસ મથક વિસ્તારમાં આવતા કોસમડી ગામ



ખાતે પણ ગ્રામજનો સાથે વિશેષ સંવાદ યોજાયો હતો ગામ ની મુલાકાત લઈ ગ્રામજનો ના વિવિધ પ્રશ્નો સાંભળ્યા હતા. ખાસ કરીને વાલિયા રોડ પર થતા અકસ્માત ના વધતા બનાવો અને ટ્રાફિક અનુલક્ષી ને લોકો ની રજૂઆત સામે આવી હતી.

### એએચટીયુની ટીમે આરોપીને દબોચ્યો

# જંબુસરની સગીરાને ભગાડી જનારો શખ્સ 8 વર્ષે ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

જંબુસરના ડાભા ગામેથી 2015માં સગીરાને ભગાડી જનારને એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટની ટીમે 8 વર્ષે ઝડપાયો હતો.

મૂળ મધ્ય પ્રદેશ અને રોજગારી માટે જંબુસર તાલુકાના ડાભા ગામે ઈંટોના ભઠ્ઠીમાં મજૂરી કરવા આવેલા યુવક સુરેશ નાનુરામને તેના ગામની સગીરા સાથે પ્રેમ સંબંધ થતા સગીરાને તેના મિત્ર કરણસિંહ ગોપાલ દાગોડેની મદદ વડે સગીરાને વર્ષ 2015માં 1 માર્ચના રોજ ભગાડી લઈ ગયો હતો. જે અંગે સગીરના પિતાએ વેડચ પોલીસ મથક ખાતે તેના વિરુધ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી પોલીસે પોકસો એક્ટ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી તે એંટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટના પી.આઈ. એન.એસ.વસાવા અને તેઓની ટીમને બાતમી મળી હતી કે આરોપી આજે ભરૂચ બાયપાસ આવી રહ્યો છે જેવી બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી તે દરમિયાન બાતમી વાળો ઈસમ આવતા પોલીસે તેને ઝડપી પાડ્યો છે.

**DATE: 15/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### આધાર પુરાવા વગરનો 670 કિલો ભંગારનો જથ્થો ભરેલો હતો

# મીરાનગર ત્રણ રસ્તા પાસે ભંગારનો જથ્થો ભરેલી પિકઅપ જીપ ઝડપાઈ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર મીરાનગર ત્રણ રસ્તા પાસે ઝઘડીયા થી ભંગાર 670 કિલો જથ્થો ભરી આવતી બોલેરો પીકઅપ ગાડી ઝડપાઈ જવા પામી હતી. પોલીસે આધાર પુરાવા વગર ના 670 કિલો ભંગાર નો જથ્થો તેમજ ગાડી મળી. 2.20 લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કરી ટેમ્પા ચાલકની ધરપકડ કરી હતી.

ભરૂચ એસ.ઓ.જી ની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે ઝઘડિયા થી વગર પાસ પરમીટ કે બિલ્ટી વિના ભંગાર નો જથ્થો લઈ બોલેરો પીકઅપ ગાડી અંકલેશ્વર આવી રહી છે. જે માહિતી આધારે એસ.ઓ.જી પોલીસે સારંગપુર ના મીરાનગર સ્થિત ત્રણ રસ્તા પાસે વોચ ગોઠવી હતી જ્યાં માહિતી આધારિત બોલેરો પીકઅપ ગાડી આવતા તેને રોકી તલાસી લેતા અંદર થી લોખંડ પ્લેટ સહીત નો ભંગાર નો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે બોલેરો ચાલક કોમલભાઈ ગુર્જર પાસે જરૂરી આધાર પુરાવા માંગતા તે ગલ્લા-ટલ્લા કરવા લાગ્યો હતો જે આધારે ભંગાર નો જથ્થો ચોરી કે છળકપટ થી મેળવ્યો હોવાની આશંકા સાથે એસ.ઓ.જી ટીમ એ ટેમ્પા માં રહેલ 670 કિલો ભંગાર કિંમત રૂપિયા 20100 તેમજ ગાડી કિંમત રૂપિયા 2 લાખ મળી કુલ. 2.20 લાખ ઉપરાંત નો મદ્દામાલ જપ્ત કરી જીઆઈડીસી પોલીસ મથકે સી.આર.પી.સી 41(1) ડી હેઠળ ગુનો નોંધ્યો છે.

**DATE: 15/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### કાર ચાલકની ધરપકડ, કુખ્યાત બૂટલેગર દશુ સહિત 3 વોન્ટેડ

# હજાત ગામ પાસે દારૂ ભરેલી એક કાર ઝડપાઈ, બીજી ફરાર

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબી પી.એસ.આઈ. પી.એમ વાળા તેમજ ટીમ એલસીબી પી.આઈ. ઉત્સવ બારોટ ના માર્ગદર્શન હેઠળ અંકલેશ્વર ના ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે હજાત ગામનો કુખ્યાત બુટલેગર લક્ઝુરિયસ 2 કારમાં ઈંગ્લિશ દારૂનો જથ્થો લાવી સગેવગે કરી રહ્યો છે. જે આધારે હજાત ગામ ના બલબલા કુંડ નજીક પોલીસે વોચ ગોઠવી હતી. જ્યાં કાર આવતા પોલીસે તેને કોર્ડન કરી રોકી તલાસી લેતા અંદર થી ઈંગ્લિશ દારૂ ની નાની મોટી 528 બોટલો મળી આવી હતી. જ્યારે અન્ય એક સ્વીફ્ટ ડિઝાયર કાર લઇ ઈસમ ફરાર થઇ ગયો હતો. પોલીસે સ્થળ પર થી કાર ચાલક ભરત રમણ વસાવાની ધરપકડ કરી હતી. તેમજ 81.600 રૂપિયાનો ઈંગ્લિશ દારૂ તેમજ કાર અને મોબાઈલ મળી કુલ રૂપિયા 5 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જ્યારે ઈંગ્લિશ દારૂ મંગાવનાર કુખ્યાત બૂટલેગર દશરથ ઉર્ફે દશુ બાલુ વસાવા, સંદીપ ઉર્ફે લઘુ વસાવા અને સ્વિફ્ટ ડિઝાયર કર લઈ ફરાર થયેલા ઈસમ ને વોન્ટેડ જાહેર કરી તેમની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા હતા.

**DATE: 16/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-02**

# ઝઘડિયા તાલુકાના મહુવાડા ગામે જુગાર રમતા બે શખ્સ ઝડપાયા

ઝઘડિયા તા.૧૫

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝઘડિયા તાલુકાના મહુવાડા ગામની સીમમાં વૃક્ષની ઓથમાં બેસીને જુગાર રમતા કેટલાક શખ્સો પૈકી બે જુગારીને મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા, જ્યારે કેટલાક શખ્સો પોલીસની રેઈડ જોઈને ભાગી છૂટ્યા હતા.

## અન્ય શખ્સો ભાગી છૂટવામાં સફળ રહ્યા, ૪૮ હજારનો મુદ્દામાલ જપ્ત

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમને ઉમલ્લા પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે મહુવાડા ગામની સીમમાં કેટલાક શખ્સો જુગાર રમે છે.એલસીબીની ટીમે મળેલ બાતમી મુજબના સ્થળે જઈ છાપો મારતા ત્યાં બેસીને કેટલાક શખ્સો જુગાર રમતા હોવાનું જણાયું હતુ.પોલીસને જોઈ જુગાર રમતા શખ્સો નાસભાગ કરવા લાગ્યા હતા. એલસીબીની ટીમે શખ્સો પૈકી બે ઈસમો બળવંત ભગુભાઈ રાઠોડ રહે. ઓરપટાર તા.ઝઘડિયા તેમજ છત્રસિંહ ઉર્ફે સત્તો રાયજીભાઈ વસાવા રહે.ગામ મહુવાડા તા.ઝઘડિયાનાને રોકડા રુપિયા, મોબાઈલ નંગ ૩ તેમજ એક બાઈક મળી કુલ રૂ.૪૮,૪૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. કેટલાક ઈસમો પોલીસની રેઈડ જોઈને નાશી છુટ્યા હતા. પોલીસને આ ઝડપાયેલા શખ્સો પાસેથી નાશી ગયેલા અન્ય શખ્સોના નામ સરનામા મળ્યા ન હતા. લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આ સંદર્ભે ઉમલ્લા પોલીસમાં ફરિયાદ લખાવી હતી.

**DATE: 16/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

## એલસીબીએ 3ને પકડ્યાં, બે જણા વોન્ટેડ

# મહારાષ્ટ્રથી પાયલોટિંગ કરી વાગરા લઈ જવાતો દારૂ જપ્ત

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબીની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી. કે વાગરા રહાડ ગામ ખાતે રહેતો ઈમરાન મોહંમદ પટેલ પોતાની ઈકો ગાડી માં ઈંગ્લીશ દારૂ ભરી પાયલોટીંગ કાર સાથે મહારાષ્ટ્ર થી વાલિયા થઈ આવી રહ્યો છે.

જે આધારે વાલિયા ચોકડી નજીક જયાબહેન મોદી હોસ્પિટલ નજીક પોલીસ વોચ ગોઠવી ટીમે બંને કાર ને અટકાવી હતી. તલાસી લેતા તેમાં કુલ 62 હજારનો દારૂ મળી આવ્યો હતો. જેનો પગલે ટીમે દારૂ, બે કાર તેમજ રોકડા મળી 10.40 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જ્યારે બને કાર માં રહેલા રહાડ ગામ ના ઈમરાન મોહંમદ પટેલ, ચંદુ ડાહ્યા વસાવા અને ભરૂચ બળેલી ખો ના પિન્ટુ છગન પટેલ ને ઝડપી પાડી તેમની ધરપકડ કરી હતી. જ્યારે ભરૂચ મારવાડી ટેકરા રોટરી ક્લબ પાછળ મહિલા બુટલેગર મહેરુનીશા ઈમરાનશા દીવાન, , અક્કલકુવા આવેલ સચિન બિયર બાર સંચાલક અને ખાપર માં ચૌધરી નામની ઈસમ ને વોન્ટેડ જાહેર કર્યા હતા.

**DATE: 16/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

## ભરૂચ એલસીબીનો દરોડો, અન્ય ફરાર

# મહુવાડા ગામેથી જુગાર રમતાં 2 જણાં ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝઘડિયા તાલુકાના મહુવાડા ગામની સીમમાં ખુલ્લી જગ્યામાં બાવળીયાની ઓથમાં બેસીને જુગાર રમતા કેટલાક ઈસમો પૈકી બેને મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા,

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમને ઉમલ્લા પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે મહુવાડા ગામની સીમમાં કેટલાક ઈસમો પત્તાપાનાનો હારજીતનો જુગાર રમે છે. એલસીબીની ટીમે મળેલ બાતમી મુજબના સ્થળે જઈને છાપો મારતા જુગાર રમતા ઈસમો નાસભાગ થઈ હતી. જોકે, એલસીબીની ટીમે આ ઈસમો પૈકી બે ઈસમો બળવંત ભગુ રાઠોડ રહે.ઓરપટાર તેમજ છત્રસિંહ ઉર્ફે સત્તો રાયજી વસાવા રહે.ગામ મહુવાડાનાને રોકડા રુપિયા, મોબાઈલ નંગ ૩ તેમજ એક મોટરસાયકલ મળી કુલ રૂ.48 હજાર ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. જ્યારે કેટલાક ઈસમો પોલીસની રેઈડ જોઈને નાશી છુટ્યા હતા.

**DATE: 16/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### ભરૂચના કાસદ પાસે એલસીબીએ રોકવા જતાં પથ્થરો માર્યા, છરાથી હુમલાનો પ્રયાસ કર્યો

# મિત્રનું દેવું ઉતારવા સુરતથી સાળાને બોલાવ્યો, જંબુસરમાં આંગડિયા કર્મીને લૂંટ્યો, ત્રણેય ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વડોદરાના ન્યાયમંદિર વિસ્તારમાં રહેતાં રાકેશ જેન્તીલાલ પ્રજાપતી તેમના મામા રમેશચંદ્ર પ્રજાપતિની એચ રમેશચંદ્ર નામની આંગડિયા પેઢીમાં પાર્સલ લાવવા-મુકવાનું કામ કરે છે. તેમની જંબુસરના કોટ બારણા ગોકુલ લાલની ખડકી ખાતે અવેલી શાખાનું સંચાલન કરતાં પીયુશ ચમનલાલ પટેલ રજા પર હોઇ તેઓ વડોદરાથી આવી તેમનું કામકાજ સંભાળતાં હતાં. જેથી તેઓ રોજ વડોદરાથી જંબુસર અપડાઉન કરતાં હતાં. તેઓ જંબુસરના 8 જ્વેલર્સના 8 સોનાના દાગીનાના પાર્સલ તેમજ રોકડા સવા ત્રણ લાખ એક બેગમં ભરી બસમાં જંબુસર આવ્યાં હતાં.તેઓ ચાલતાં તેમની દુકાને જઇ રહ્યાં હતાં. તે વેળાં એક શખ્સે તેમની બેગ ખેંચવાનો પ્રયાસ કર્યો હતો. દરમિયાનમાં અન્ય એક શખ્સે તેમને ચપ્પુ બતાવી ધમકાવી હુમલો કરવા જતાં બેગ છુટી જતાં બન્ને ભાગી ગયાં હતાં. તેમનો પિછો કરતાં અન્ય એક સાગરિત બાઇક લઇને ઉભો હોઇ તેની સાથે બાઇક પર બેસી ત્રણેય ભાગી ગયાં હતાં. મામલામાં પોલીસને જાણ કરતાં પોલીસે તુરંત એક્શનમાં આવી નાકાબંધી કરી હતી. દરમિયાનમાં એલસીબીની ટીમે ભરૂચના કાસદ ગામ પાસેની કેનાલ પાસેથી ત્રણેયને ઝડપી પાડ્યાં હતાં. પ્રાંથમિક પુછપરછમાં તે પૈકીના ભરૂચના સરનાર ગામના સાહિલને દેવુ થતાં તેણે તેના મિત્ર યામીનને કહેતાં તેણે સુરતથી તેના સાળા મુસ્તુફાને બોલાવી લૂંટને અંજામ આપ્યો હોવાની કબુલાત કરી હતી.



## આરોપીઓના નામ અને ભૂતકાળ

- યામીન અલતાફ ગુલામ પટેલ - રહે. સરનાર નવીનગરી, ભરૂચ
ભરૂચ અને સુરતમાં ચોરીના બે ગુના નોંધાયાં છે, 2020 અને 2022માં 15 શંકાસ્પદ મોબાઇલ સાથે ઝડપાયો હતો. મોબાઇલ સ્નેચિંગની ટેવવાળો છે
- સાહીલ ઇસ્માઇલ પટેલ સરનાર નવીનગરી, ભરૂચ
વર્ષ 2017-18માં અલગઅ લગ સમેયે અટકાયતી પગલા લેવાયાં
- મુસ્તુફા ઉર્ફે હજામ ઉર્ફે મસ્તાક સલીમ અમીર શેખ રહે. કોસાડ આવાસ, અમરોલી, સુરત
સુરતના અલગ અલગ પોલીસ સ્ટેશનમાં 23થી વધુ ગુના, વર્ષ 2016માં તડીપાર, 2021માં પાસામાં પકડાયો હતો. સુરતમાં મોબાઇલ સ્નેચિંગ કરતો હતો.

## સાત દિવસ પહેલાં બન્નેએ વડોદરા સુધી પીછો કર્યો હતો

લૂંટ કરવાનો ઇરાદો કરતાં પહેલાં યામીન અને સાહિલ જંબુસર ગયાં હતાં. જ્યાં તેમણે આંગડિયા પેઢીના કર્મીની રેકી કરી હતી. સાતેક દિવસ પહેલાં બન્નેએ લૂંટ કરવા માટેનો ચોક્કસ નિર્ધાર કરી તેઓએ તેનો પિછો શરૂ કર્યો હતો. તેઓ બસમાં તેની સાથે વડોદરા કિર્તીસ્તંભ સુધી પહોંચી ગયાં હતાં. જોકે, આસપાસમાં લકોની ભીડ-અવરજવર વધારે હોઇ તેઓ લૂંટ કરી શક્યાં ન હતાં.

## બી ડિવિઝન પોલીસમાં પણ પોલીસ પર હુમલાની ફરિયાદ

લૂંટની ઘટનાને પગલે જિલ્લામાં હાઇએલર્ટ જાહેર કરતાં એલસીબીના પીએસઆઇ આર. કે. ટોરાણી ટીમ સાથે હતાં. ત્યારે તેઓ બાતમી મળી હતી કે, તેઓ કાસદ-થામ નહેરવાળા રોડ પર છે. જેથી ટીમે ત્યાં પહોંચતાં ત્રણેય ત્યાં ઉભા હોઇ ત્યાં જતાં તેમણે ટીમ પર પત્થર મારો કર્યો હતો. જોકે, પીએસઆઇ ટોરાણીએ તેમને પકડવા જતાં ચપ્પુથી હુમલો કર્યો હતો.જોકે, ટીમે તેમને ઝડપી પાડ્યાં હતાં. તેમજ ભરૂચ બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

**DATE: 17/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### એસઓજીની ટીમે ગોડાઉન સંચાલકની ધરપકડ કરી

# અંક્લેશ્વરના ગોડાઉનમાંથી 5.68 લાખનો કેમિકલ્સનો જથ્થો ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંક્લેશ્વર



ભરૂચ એસ.ઓ.જી પોલીસ પી.એસ.આઈ. આર.એસ. ચાવડાએ ટીમ સાથે અંક્લેશ્વર જીઆઈડીસીમાં દરોડો પાડ્યો હતો. પ્લોટ નંબર 11003 માં આવેલ વ્રજ વિશ્વા એન્ટરપ્રાઈઝ ના ગોડાઉનમાં તપાસ કરાઈ હતી. જ્યાં ભૂરા રંગના 200 લિટરના 351 કારબા મળી આવ્યા હતા. સ્થળ પર હાજર મૂળ અમરેલી અને હાલ જીઆઈડીસીમાં રહેતા પ્રકાશ વલ્લભ ભાડિરીને પૂછપરછ કરતા મિક્સ સોલવન્ટ અને ડી.ઈ.જી કેમિકલ્સ હોવાનું જણાવ્યું હતું. જે અંગે આધાર પુરાવામાં તે 209 ના બિલ જ રજૂ કરી શક્યો હતો. બાકીના 142 બેરલ ગેરકાયદે હોય SOG એ 28,400 લીટર શંકાસ્પદ કેમિકલ્સ કિંમત રૂપિયા 5.68 લાખનો જથ્થો કબ્જે કર્યો હતો.

**DATE: 17/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

## પોલીસે 3050 રૂપિયાનો દારૂ જપ્ત કર્યો

# અંકલેશ્વરમાં દારૂના જથ્થા સાથે બૂટલેગરની ધરપકડ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર દેસાઈ ફળીયા માંથી ઈંગ્લિશ દારૂના જથ્થા સાથે ઈસમની અટકાયત કરી હતી. ચોક્કસ માહિતી આધારે દરોડો પાડી પોલીસે ઈંગ્લિશ દારૂની નાની મોટી બોટલ સાથે 3050 રૂપિયા નો દારૂ જપ્ત કર્યો હતો.

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ ની સર્વેલન્સ ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી. કે દેસાઈ ફળીયા રહેતા તેજશ રમેશચંદ્ર ગાંધી પોતાના ઘરે ઈંગ્લિશ દારૂ નું વેચાણ કરી રહ્યા છે જે આધારે પોલીસે તેના ઘરે દરોડા પાડતા ઘર માંથી ઈંગ્લશ દારૂ ની 2 લીટર ની એક બોટલ, તેમજ 750 એમ.એલ ની 3 બોટલ મળી આવી હતી.

પોલીસે કુલ 4 બોટલ ઈંગ્લિશ દારૂ મળી 3050 રૂપિયા નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો તેમજ તેજશ ગાંધી ની ધરપકડ કરી ઈંગ્લિશ દારૂ જથ્થો ક્યાં થી અને કોની પાસે થી લાવ્યો તે અંગે પૂછપરછ શરુ કરી હતી.

### ઓનલાઇનના માધ્યમથી મહિલા સાથે મૈત્રી કેળવી ભેજાબાજોએ રૂપિયા ચાંઉ કર્યાં

# મહિલા સાથે લાલચ આપી 9 લાખ રૂપિયાની છેતરપિંડી કરનારો ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઇડીસી ખાતે રહેતી મહિલા એ બચત ની રકમ રોકાણ કરવા માટે વિચારી રહ્યા હતા. દરમિયાન ઓનલાઇન માધ્યમ થી એક લોભામણી જાહેરાત વડે રાયપુર ના ઠગ નિજામુદીન નવાજુદીન ઉર્ફે રાજાભાઈ શેખ ના સંપર્ક માં આવ્યા હતા.

તેમને ઓનલાઈન નંબર મળ્યા બાદ તેની જોડે રોકાણ બાબતે વાત કરી હતી જે બાદ સારું વળતર માટે સ્કીમ ચર્ચા કરતા તેને પોતે રોયલ રિચ ઓન માં રોકાણ કરવા ભલામણ કરી હતી. જેમાં માસિક 8 % બોનસ આપે છે. જણાવી વિશ્વાસ અપાવવા માટે જાતે ગેરન્ટેડ બન્યો હતો. જે આધારે મહિલા એ પ્રાથમિક નાનું રોકાણ કરતા તેનું વળતર પણ પરત આપ્યું હતું. જે બાદ તેઓ ને વિશ્વાસ સંપાદન થતા સ્કીમ માં 9 લાખ રૂપિયા નું રોકાણ કર્યું હતું. જેનું વળતર ના મળતા મહિલા ને શંકા જતાં તેઓ સ્કીમ મુજબ રોકાણ +ચડતર વળતર સાથે 9 લાખ રૂપિયાના કુલ 16 લાખ રૂપિયા પરત માગ્યા હતા જેનો ચેક પણ મોકલી આપ્યો હતો. જેમાં રોયલ રિચ ઓન ના નામે સૂરજ અભય ચૌરસીયા એ ચેક લખી કુરિયર કરી આપ્યો હતો. જે ચેક બેન્ક માં એક અહીં બે -બે વાર બાઉન્સ થતા ઠગભગતો ની કરતૂત સામે આવી હતી. અને ચેક રીટન થતાં ભાંડો ફૂટ્યો હતો. મહિલા દ્વારા ગત 5 જુલાઈ ના જીઆઇડીસી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ઠગ નિજામુદીન નવાજુદીન ઉર્ફે રાજા ભાઈ શેખ અને સુરજ અભય ચૌરસીયા સામે ગુનો નોંધી વધુ તપાસ આરંભી મુખ્ય સુત્રધાર એવા એમ.પી રાયપુર ના મહાઠગ નિજામુદીન નવાજુદીન ઉર્ફે રાજા ભાઈ શેખ ને મધ્યપ્રદેશ થી ચોક્કસ માહિતી આધારે ઝડપી પાડ્યો હતો અને અંકલેશ્વર લઇ આવી હતી.